**Extra No. 224**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]    MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**-ના તારીખઃ ૧૨મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૭૦ યુડીયુએચડી/ઇઓએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૦૪૬૦/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૭૦ યુડીયુએચડી/ઇઓએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૦૪૬૦/એમ:** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬-ની પેટા-કલમ (૩)નો ખંડ (ગ), ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (૨૦૨૩ના ગુજરાતના ૧૭મા)થી, સુધારવામાં આવ્યો છે, જેથી કરીને, પછાત વર્ગોની વ્યક્તિઓને બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ (૨૭) ટકા સુધી અનામત આપી શકાય;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના ધાનેરા નગરપાલિકા વિસ્તારની વસતીના આંકડા અનુસાર તેમજ અધિનિયમની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩) સાથે વાંચતા, કલમ ૭ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: કેવી ૨૦૨૪નો ૧૬૫ યુડીયુએચડી/એમડબલ્યુડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) ધાનેરા નગરપાલિકાના વિસ્તારો, સાત (૭) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા અઠ્ઠાવીસ (૨૮) કાઉન્સિલરની બનશે;

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ (૨૮) બેઠકોમાંથી-

(૧) ચાર (૪) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) એક (૧) બેઠક, અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) આઠ (૮) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે; જેમાંથી ચાર (૪) બેઠક પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) ચૌદ (૧૪) બેઠકો, સ્ત્રીઓ (અહીં ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલા, ધાનેરા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનિષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:10:40 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar